ફોજદારી કેસ નં. ૧૯૧૫/૨૦૧૨

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે. અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનુ રેકર્ડ જોવામા આવે તો, કેસ જુનો છે આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ઘ્યાને લેતા કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે કેસનુ રોજકામ જોવામા આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામા આવેલ છે. પરંતુ આરોપીની સામે કાઢવામા આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પર કરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી. કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રાખવામા સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતુ નથી.

<u>પી.રામચંદ્ર વિ. કર્ણાટક રાજય ૨૦૦૨ (૨) જી.એલ.આર પાના નં. ૧૫૪૯</u> ઉપર પ્ર સિઘ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામા માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે. કે '' The Criminal Courts Should exercise their available powers such as those under section 309,311,258 of the code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial ''. આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં. ૨૯૧૭/૨૦૦૬ તા. ૧૭/૧૦/૨૦૦૬ મા નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સ.આર.પી.સી.કલમ: ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોક કરે.

આથી કેસની હકીકતો, કેસની ન્યાયીક કાર્યવાહીનો પંકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ઘ્યાને લેતા, અત્રેની

અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

૧. ફોજદારી કાર્યરીતી સહિતા, ૧૯૭૩ ની કલમ:૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામા આવે છે, જો આરોપીને જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝર શ્રી એ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ: ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન–કિંમત મુદ્દામાલ કે કિંમત મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૭/૨૦૧૮

સ્થળ :

છઠ્ઠા એડીશનલ સીવીલ જજ

અને જ્યુ.મેજી.ફ.ક.અમદાવાદ(ગ્રામ્ય),

UIC NO G J 01333

મીરઝાપુર અમદાવાદ.